# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-01-2025** **MORNING : 7.45 to 7.55am**
**Day : FRIDAY** **National News**

### આકાશવાણી સમાચાર **રૂપલ જાની** વાંચે છે.

********************************************************

1) માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે દાઓસમાં જણાવ્યું છે કે ભારતનો વિકાસ દર 6થી 8 ટકાની વચ્ચે રહેશે.

2) મહાકુંભ દરમિયાન અત્યાર સુધીમાં ૧૦ કરોડ ૨૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી

3) સહકાર મંત્રી અમિત શાહ આજે મુંબઈમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમના કોર્પોરેટ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે.

4) ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા.

5) ખેલો ઇન્ડિયા શિયાળુ રમતોત્સવ 2025નો લદ્દાખના લેહમાં આરંભ થયો

********************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## VAISHNAW-INTERVIEW

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું છે કે ભારતનો વિકાસ દર 6થી 8 ટકાની વચ્ચે રહેશે. દાઓસમાં એક ટીવી ચેનલ સાથે વાત કરતા, શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે મોટાભાગના સેમિકન્ડક્ટર ઉદ્યોગના નેતાઓ માને છે કે ભારત આગામી વર્ષોમાં સેમિકન્ડક્ટર માટે ટોચના ત્રણ ઉત્પાદન કરતાં સ્થળોમાંનો એક હશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અંગે મંત્રીએ કહ્યું કે ઘણા નિષ્ણાતો સલાહ આપે છે કે ભારતે AI ના ઉપયોગ માટે એક મુખ્ય કેન્દ્ર બનવાનો પ્રયાસ કરવો જોઈએ. તેમણે કહ્યું કે નિષ્ણાતો માને છે કે ભારત IT સેવાઓમાં જેમ આગળ હતું, તેમ AI સેવાઓમાં પણ આગળ વધી શકે છે.

ભારતને રોકાણ માટે યોગ્ય સ્થળ ગણાવતા શ્રી વૈષ્ણવે કહ્યું કે આજે દુનિયા ભારત પર વિશ્વાસ કરે છે.. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નીતિઓએ દેશ પ્રત્યે વૈશ્વિક વિશ્વાસ વધાર્યો છે.

. . . . . . . . . . . . . . . .

## MHAKUMBH--CULTURAL-HERITAGE

અને હવે મહાકુંભ અંગેના સમાચાર.....

### (મહાકુંભ ઓપનિંગ ટ્યુન)

મહાકુંભ દરમિયાન અત્યાર સુધીમાં ૧૦ કરોડ ૨૧ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી છે.

૨૦૨૫ ના મહાકુંભમાં હાજરી આપવા માટે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો અને યાત્રાળુઓ પ્રયાગરાજીમાં પહોંચી રહ્યા છે. આ મહિનાની ૧૩મી તારીખે શરૂ થયેલ ૪૫ દિવસનો મહાકુંભ ૨૬ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે.

(Byte - રિપોર્ટ આનંદ)

. . . . . . . . . . . . . . .

## NEW-MAHAKUMBH---I--B-SECRETARY-WITH-V-C.

માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ સંજય જાજુએ પ્રયાગરાજના મહાકુંભ નગરના સેક્ટર-4 ખાતે આકાશવાણી અને દૂરદર્શન કેમ્પ ઓફિસની મુલાકાત લીધી હતી અને મહાકુંભ 2025ના કવરેજ માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

પત્રકારો સાથે વાત કરતા શ્રી જાજુએ જણાવ્યું હતું કે પ્રસાર ભારતીએ મહાકુંભ 2025ના વ્યાપક કવરેજ અને વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓના પ્રસાર માટે વ્યાપક વ્યવસ્થા કરી છે. તેમણે કહ્યું કે આકાશવાણી અને દૂરદર્શન મહાકુંભને લગતા રસપ્રદ તથ્યો પ્રદાન કરી રહ્યા છે.

(બાઈટ- માહિતી અને પ્રસારણ સચિવ સંજય જાજુ )

. . . . . . . . . . . . . . .

## AMIT-SHAH---NUCFDC

ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ આજે મું બઈમાં રાષ્ટ્રીય શહેરી સહકારી નાણાં અને વિકાસ નિગમના કોર્પોરેટ કાર્યાલયનું ઉદ્ઘાટન કરશે. શ્રી શાહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'સહકાર સે સમૃદ્ધિ'ના વિઝનને અનુરૂપ સહકારી ક્ષેત્રને લગતી અનેક પહેલો પણ શરૂ કરશે. તેઓ આંતરરાષ્ટ્રીય સહકારી વર્ષ - 2025 નું વાર્ષિક કેલેન્ડર પણ બહાર પાડશે.

શ્રી શાહ દેશમાં દસ હજાર નવી રચાયેલી સોસાયટીઓ માટે તાલીમ કાર્યક્રમ અને પ્રાથમિક સહકારી સોસાયટીઓ માટે રેન્કિંગ સિસ્ટમ શરૂ કરશે. શહેરી સહકારી બેંકોની વ્યવસાયિક મુશ્કેલીઓ દૂર કરવા માટે સરકારે આ નિગમની સ્થાપના કરી છે. આનાથી લગભગ દોઢ હજાર શહેરી સહકારી બેંકોને જરૂરી માહિતી ટેકનોલોજી સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. રિઝર્વ બેંકે કોર્પોરેશનને નોંધણીની તારીખથી મહત્તમ એક વર્ષની અંદર એટલે કે 8 ફેબ્રુઆરી, 2025 સુધીમાં ચૂકવાયેલ મૂડી પ્રાપ્ત કરવાનો નિર્દેશ આપ્યો છે.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

. . . . . . . . . . . . . . .

# INDONESIAN-PREZ-VISIT

ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો 76મા પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં હાજરી આપવા માટે ગઈકાલે રાત્રે નવી દિલ્હી પહોંચ્યા.

આ વર્ષના પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં રાષ્ટ્રપતિ પ્રબોવો મુખ્ય મહેમાન બનશે. વિદેશ રાજ્યમંત્રી પાબિત્રા માર્ગેરિતાએ તેમનું એરપોર્ટ પર સ્વાગત કર્યું. રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો તેમના ચાર દિવસના પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળશે. તેઓ વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર સાથે પણ મુલાકાત કરશે. આ ઉપરાંત, તેઓ રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત સમારોહમાં હાજરી આપશે. ગયા વર્ષે ઓક્ટોબરમાં રાષ્ટ્રપતિ પદ સંભાળ્યા પછી આ તેમની પહેલી ભારત મુલાકાત છે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોની વ્યાપક સમીક્ષા કરવાની તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક પૂરી પાડશે. ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો છે.

. . . . . . . . . . . . . . . .

# KHELO-INDIA-WINTER-GAMES-2025

ખેલો ઇન્ડિયા શિયાળુ રમતોત્સવ 2025નો લદ્દાખના લેહમાં આરંભ થયો છે. નવાંગ દોરજે સ્ટોબદાન (NDS) સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ઉદ્ઘાટન સમારોહ સાથે શરૂઆત થઈ હતી. શિયાળુ રમતગમતના

ખેલાડીઓ માટે ખેલો ઇન્ડિયા 2025 બે અલગ અલગ તબક્કામાં યોજાશે. પ્રથમ તબક્કો 23 થી 27 જાન્યુઆરી દરમિયાન લદ્દાખમાં યોજાશે. લદ્દાખમાં બે રમતો - આઈસ હોકી અને આઈસ સ્કેટિંગનું આયોજન કરવામાં આવશે. જમ્મુ અને કાશ્મીર 22 થી25 ફેબ્રુઆરી દરમિયાન બીજા તબક્કાનું આયોજન કરશે.

જમ્મુ અને કાશ્મીરમાં આલ્પાઇન સ્કીઇંગ, નોર્ડિક સ્કીઇંગ, સ્કીપર્વતારોહણ અને સ્નોબોર્ડિંગ એ ચાર રમતો યોજાશે. રમતોનો પહેલો તબક્કો ગુલમર્ગના કાંગદૂરી ખાતે અને બીજો તબક્કો ગોલ્ફ કોર્સ ક્લબ ખાતે યોજાશે. ખેલો ઇન્ડિયા શિયાળુ રમતોત્સવ ભારત સરકારની પહેલનો એક ભાગ છે. આ વર્ષનો આ પહેલો ખેલો ઇન્ડિયા કાર્યક્રમ હશે. ખેલો ઇન્ડિયા શિયાળુ રમતોત્સવ 2025માં રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને સંસ્થાકીય સંગઠનોની 19 ટીમોના ચારસોથી વધુ ખેલાડીઓ છ રમતોમાં ભાગ લેશે. હિમાચલ પ્રદેશમાં 78 ખેલાડીઓ સાથે સૌથી વધુ ટુકડી છે. હરિયાણાએ 62 સભ્યોની ટીમ મોકલી છે જ્યારે સહ-યજમાન લદ્દાખમાં 52 ખેલાડીઓ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેશે.

. . . . . . . . . . . . . . . .

## PM-KHELO-INDIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પાંચમા ખેલો ઈન્ડિયા શિયાળુ રમતોત્સવ 2025માં ભાગ લેનારા તમામ ખેલાડીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ ટુર્નામેન્ટ રમતગમતની ભાવનાનો ઉત્સવ છે અને આવનારી પ્રતિભાઓને પ્રોત્સાહન આપશે.

. . . . . . . . . . . . . . . .

## PM---NCC-CADETS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 જાન્યુઆરીએ પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ભાગ લેનારા NCC અને યુવા વિનિમય કાર્યક્રમના કેડેટ્સ, સ્વયંસેવકો, કલાકારો અને આદિવાસી સમુદાયના મહેમાનોને મળશે.

આજે, પ્રધાનમંત્રીના નિવાસસ્થાને એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શ્રી મોદી પડદા પાછળ કામ કરતા કલાકારોને મળશે. આ વર્ષના પ્રજાસત્તાક દિવસની ઉજવણી સાંસ્કૃતિક વિવિધતા અને લશ્કરી શક્તિનું પ્રદર્શન કરશે. આ સમારંભમાં બંધારણની 75મી વર્ષગાંઠ અને  જનભાગીદારી પર એક ઝાંખી પણ રજૂ કરવામાં આવશે. આ વર્ષે વિવિધ રાજ્યો અને કેન્દ્ર સરકારના 31 ટેબ્લોનો મુખ્ય વિષય - સુવર્ણ ભારત - વારસો અને વિકાસ હશે.

પ્રજાસત્તાક દિવસની પરેડમાં ભગવાન બિરસા, સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ અને હવામાન વિભાગ પર આધારિત ઝાંખીઓ પણ સામેલ હશે. પરેડમાં, દેશના વિવિધ ભાગોમાંથી ત્રણસો કલાકારો સંગીતનાં સાધનો સાથે સારે જહાં સે અચ્છા રજૂ કરશે.

. . . . . . . . . . . . . . . .

## IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઓડિશાના અલગ અલગ ભાગોમાં ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. હિમાચલ પ્રદેશના અલગ અલગ ભાગોમાં ઠંડીની આગાહી કરી છે. આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં પણ આવી જ સ્થિતિ રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે પૂર્વ બાંગ્લાદેશ પર ચક્રવાતી પરિભ્રમણ છે જેના કારણે આજે અરુણાચલ પ્રદેશ અને ઉત્તરપૂર્વ આસામમાં અલગ અલગ સ્થળોએ વીજળી સાથે વાવાઝોડાની સંભાવના છે. હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન ઉત્તર-પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાનમાં 2 થી 4 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી પણ કરી છે.

. . . . . . . . . . . . . . .

**અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનીલ પટેલ**

આજનાં દૈનિકોમાં વિવિધ સમાચારો હેડલાઇનમાં જોવા મળે છેઃ

- નવગુજરાત સમયની હેડલાઇન છે- અમેરિકામાં ગેરકાયદે ઇમિગ્રન્ટ બિલ મંજૂરઃ લાખો ભારતીયોને પાછા ફરવું પડશે
- ગુજરાત સમાચારે શિર્ષક આપ્યું છે-અમેરિકામાં સિઝેરિયનથી ડિલિવરી માટે ભારતીય મહિલાઓએ લાઇન લગાવી
- સંદેશની હેડલાઇન છે- અમેરિકામાં અગ્નિતાંડવ અને બરફનું તોફાન- 2100 ફ્લાઇટ રદ, 12 લોકોનાં મોત

- વધુ એક હેડલાઇનમાં સંદેશ જણાવે છે કે-દક્ષિણ-પૂર્વ એશિયામાં રૂપિયો સૌથી નબળું ચલણઃ મૂડીઝ
- સંદેશનાં પ્રથમ પાનાના અહેવાલ પ્રમાણે યુપીએસસી સિવિલ સર્વિસિસની જગ્યાઓ આ વર્ષે ઘટીને 979 થઈ

## સ્થાનિક સમાચારો પર નજર કરીએઃ

- અમદાવાદમાં ભારે ટ્રાફિક ધરાવતા 25 જંક્શનનો 64 લાખ રૂપિયાનાં ખર્ચે સર્વે કરાવવામાં આવશે
- અમદાવાદમાં કોલ્ડ પ્લેને ધ્યાનમાં રાખીને 25 અને 26 જાન્યુઆરીનાં રોજ રાત્રે 12-30 કલાક સુધી મેટ્રો દોડાવવામાં આવશે-- આ સમાચાર તમામ દૈનિકોમાં સ્થાનિક પાને જોવા મળે છે.
- દિવ્ય ભાસ્કરનાં વિશેષ અહેવાલ પ્રમાણે ગુજરાત સહિત 13 રાજ્યોમાં બનાવટી 200 ટોલ બુથ પર 120 કરોડ રૂપિયાની છેતરપિંડી
- ફુડની ગુણવત્તા, ઊંચા ભાવની ફરિયાદને પગલે હાઇ વે પરની 27 હોટેલનું લાઇસન્સ રદ- આ સમાચાર પણ દિવ્ય ભાસ્કરમાં જોવા મળે છે.

---------------------------------------